બાળ શિક્ષા

રચનાર.

પુરૂષોત્તમ વિ. ગોકળદાસ તંબોળી.

છપાવી પ્રસિદ્ધ કરી

પુરૂષોત્તમ, મહોલાલ. શેઠ.

અને

બુ. મનસુખ જમનાદાસ. ભાવસાર.



(આવૃત્તિ ૧ લી ૧૦૦૦ પ્રત.)

સં.

અમદાવાદ—હિંદુસ્તાન
તથા
વડોદરા—ફત્તેસિંહપ્રેસમાં છાપ્યું.

પ્રસ્તાવના.



આ લઘુ પોથી સઘળા નાના બાળકોને ઉપયોગી થઇ પડે અને તે-ઓ નાનપણથીજ સુનીતિને માર્ગે દોરાય એ હેતુથી ખવામાં આવી છે. હાલના નાના બાળકો નાટક વગેરે નાનકડી ચોપડીઓ વાંચવાની લતમાં પડે છે, તેના કરતાં જો આવી સુનીતિને રસ્તે દોરનાર ચોપડી વાંચે તો આગળ ઘણો લાભ થાય.

પુસ્તક લખવાનો આ મારો પ્રથમ પ્રયાસ હોવાથી તેમાં કેટલાએક દોષ હશે એ દેખીતુંજ છે. પરંતુ સુજ્ઞ વાંચનાર દોષ દર ગુજર કરી તેમાંની નીતિની વાતોપર ધ્યાન આપશે એવી આશા છે.

મુ. સાવલી. તા. મન્જકુર પ્રાં. વડોદરા. લી.

પુ. ગો. તબોળી.

बाळशिक्षा.



પાઠ ૧ લો જુઠું ન બોલવા વિશે.

હે વિદ્યાર્થીઓ. તમે ખોટું ભાષણ મોઢાંમાંથી કરશો નહીં. અને તમે કોઈપણ વાત નજરે દીઠી અથવા સાંભળી તેમાં વત્તી ઓછી કરીને કહેશો નહીં. કદાપિ બીજાને સારી લાગે તો પણ ખોટી વાત બનાવીને કહેવી નહિ. જે સાચું હોય તેજ કહેજો. અમથા ખોટી કલ્પના કરીને લોકોને ભ્રમમાં ઘાલશો નહિ. જો કોઇપણ વાત તમે ભૂલી ગયા હોય અને કોઇ તમને પુછે તો કહેવું કે હું ભૂલી ગયોછું; પણ ખોટી વાત કહેશો નહિ. સાચું બોલનાર ઉપર પરમેશ્વર જેવી પ્રિતિ રાખે છે તેવી જુઠું બોલનાર ઉપર રાખતો નથી. જ્યારે કોઈ સાથે તમે કોઈપણ કામ કરવાની કબુલાત કરો તે આગળથી વીચાર કરીને કરજો. કારણ કે કબુલ કર્યા પછી જો તે કામ તમારાથી ન થયું તો લોકો તમને જુઠા કહેશે. તેથી કરીને તમારા બોલવા ઉપર કોઇ વિશ્વાસ રાખશે નહિ જે લોકો કબુલાત પ્રમાણે કામ કરે છે ને સાચું બોલે છે, તેની ઉપર સર્વે લોકો વિશ્વાસ રાખેછે, તમે કોઇનો ગુન્હો કર્યો હોય અને તમે એમ ધારો કે એ ગુન્હો છુપાવવાને જુઠું બોલવાથી આપણને ફાયદો છે; તો પણ જુઠું બોલશો નહિ જે સાચું હોય તેજ કહેજો. કારણ કે સાચું બોલવાથી તમે જેનો ગુન્હો કર્યો હશે તે તમને ગુન્હાની માફી આપશે અને કદિ શિક્ષા કરશે તો

તમને સાચા જાણીને ઘણીજ થોડી કરશે માચા જાણીને સઘળા લોકો તમારી ઊપર હેત રાખશે, અને તમારો હરેક બોલ સાચો માનશે; પણ જો તે ગુન્હો તમે જુઠું બોલીને છુપાવશો તો તમે કદી એકાદ વખત શિક્ષાથી બચશો, પણ જૂઠું બોલવાથી પરમેશ્વરનાજે ગુન્હેગાર થશો અને એ ગુન્હા બદલ જગત કર્ત્તા તમને જે શિક્ષા કરશે, તે ગુન્હો માની દેવાથી જે શિક્ષા થાત તેના કરતામાઘણી થશે અને પાછળથી કદિ તમારો ગુન્હો માલુમ પડશે, તો ઉલટી બહી પણ શિક્ષા થશે, માટે કોઇ દિવસ મશ્કરીમા પણ જુઠ બોલશો નહિ એનાથી ઘણા આવા ગેર ફાયદા છે. માટે હુ સત્ય કહુછુ કે તમે કદિ પણ જુઠું બોલશો મા હે બાળકો ! જુઠ એ પ્રથમ એકડો છે. જેવી રીતે ભણતરમાં પહેલો એકડો લખાય છે. તેવી રીતે બધા દુરગુણોમા જુઠ એ એકડો છે. કારણ કે તેમાથી બધા દુરગુણ પેદા થાય છે એનો સંગ કરવાથી ચોરી લુચ્ચાઇ વગેરે દુરગુણો ભરાય છે, તેથી કરીને આપણે દુખી થઇએ છીએ, માટે કોઇએ જુઠું બોલવું નહિ.

પાઠ ૨ જો ચોરી ન કરવાવિષે.

પાછલો પાઠ તમે વાંચ્યો તે જુઠું ન બોલવુ એ વિષે હતો. હવે આ પાઠમાં ચોરી કરવી નહિ એ વિશે હુ ટુંકામાં કહુછું, તે ધ્યાન આપીને સાંભળો. કોઇ પણ માણસની વસ્તુ તેને પૂછ્યા શિવાય છાની માની બદદાનતથી લેવી તેનું નામ ચોરી કહેવાય છે. ચોરી કરવાનો [illegible] પડે છે. આજ કોઇના બાગ બગીચામાંથી ફૂલ ફળ ચોરી [illegible] કોઇની પેન [illegible] પણ મન થાય, વળી [illegible] ચોરવાનું મન થાય, એમ કરતાં કરતાં [illegible] ચોરી કરતાં શીખાય છે જે ચોરી કરે [illegible]

મનમાં એમ ધારે છે કે આ વસ્તુ થોડી છે; માટે તે ચોરી લઉં; તો આપણને અહીંઆ કોણ જુવે છે. એમ સમજે છે. ઠીક તેના ધારવા પ્રમાણે કોઈ તેને દેખતુ નથી પણ જે આ જગતનો બનાવનાર ઈશ્વર છે તેની નજરનો કોઈથી ચુકાવાતીજ નથી, તો તે નકી જુવેજ છે. અને પછી એવા પાપી માણસ ઉપર ક્રોધની નજરથી નિહાળે છે. માટે ચોરી કરવાથી ઈશ્વર નારાજ થાય છે. એમ મનમાં સમજીને પરમેશ્વરની બીક રાખતા જાઓ. અને એવી અનીતિમાં નાનપણથીજ ન પડાય તેને માટે સાવધ રહેતા જાઓ. તમે ચોરી કરતાં એક વખતે પકડાયા એટલે તમને તેની શિક્ષા થયાં વગર રહેનાર નથી. વળી બાજીવખતે તમે ચોરી નહિ કરી હોય તો પણ લોક તમને ચોર ધારશે; અને નિંદા કરશે. તથા તમારો વિશ્વાસ કોઈ રાખશે નહિ. માટે હે બાળકો! તમે નાનપણથીજ આવા દુર્ગુણોથી દૂર રહેજો, એટલે ચોરી કરવાનું મન થશે નહિ. ચોરીનો દુરગુણ સોબતથી આવેછે માટે નઠારા માણસની સોબત પણ કરવી નહિ કારણકે એવી કુસંગતથી તમે પણ એવા થશો અને બીજા લોકો તમને તેની સાથ ફરતા દેખશે તો તમને પણ એના જેવા ગણશે માટે એવા માણસની પ્રિતિ કરવી નહિ.

પાઠ ૩ જો અશક્ત માણસની મશ્કરી ન કરવા વિશે.

હે બાળકો, જ્યારે તમે અંધ, લુલા, પાંગળા રોગી એવા ને જુઓ ત્યારે તેની મશ્કરી કરશો નહિં. કારણ કે હમણાં તમે જવાન અને નિરોગી છો. પણ આગળ ઉપર તમે દુબળા થશો અને હાથ પગ અટકશે, મોંઢામાંથી દાંત પડશે, વાળ ધોળા થશે, તેણે કરીને તમે કદ-

રૂપ દેખાશો; અને નાનાં છોકરાં જેવા અશક્ત થઇને તમે આંધળા, બેહેરા, લગડા, વગેરે માણસોના જેવા થશો; ત્યારે તમારી પણ જે નઠારાં છોકરાં છે તે નિંદા ને મશ્કરી કરશે અને જેવા આપણે નાનપણથી જે દેશનાં લોકોની સાથે જેવી રીતે ચાલીએ તેમ તે દેશના લોકો આપણી સાથે તેવી રીતે ચાલે છે. ભલાની સાથે ભલા ને, નીચની સાથે નીચ. એવી આ જગતની રીતછે. માટે તમે સૌ લોકો ઉપર હેત અને ઉપકાર કરતા રહો. તેણે કરીને પરમેશ્વર તમારૂં કલ્યાણ કરશે તેથી તમારો વાંકો વાળ પણ થઈ શકશે નહિ. આ જગતની રીત એવી છે કે જે આપણી ઉપર હેત રાખે તેની ઉપરજ આપણે હેત રાખીએ તે ઘટારટ નથી. સર્વ માણસોને પોતાના કુટુંબ પ્રમાણે જાણવા તેથી કરીને તે માણસ જગમિત્ર થાય છે.

પાઠ ૪થો વખતનો સારો ઉપયોગ કરવા વિષે.

જે માણસ પોતાનો વખત ઉંઘ; આળસ અને અહીં થી તહીં ભમ્યામાં તથા જુગાર રમવામાં ગુમાવેછે તે માણસ મૂર્ખ અને અવિચારી જાણવો. તેનું કારણ એછે કે સારાં કામ કરવા સારૂ જે વખત આપણને પરમેશ્વરે આપ્યો છે તે ખોટે પ્રકારે ગુમાવ્યો હોય તો ફોકટ ગયો એમ જાણવું. અને એવા નઠારા કામથી કુમાર્ગે જઇને નક્કી દુરગુણી થવાય છે જે માણસ પોતાનો વખત આળસમાં ગુમાવે છે, તે પોતાનું કાંઇ સારૂ ઇચ્છતો નથી. તે વેહેલો નઠારૂ કામ કરવા લાગે છે માટે હે વિધાર્થીઓ, તમે રોજ જે કામ જેવખતેકરવાનું હોય. તે નિયમસર કરતા રહો અને સારા કામ કરવામાં તમે ઘણું ચિત લગાડો જે વાત કરવાને તમે લાયક છો તે વાત કરવામાં તમે તમારે વખત કહાડો તો પોતાનું સઘળું કામ સાથે કરવાની તમને ટેવ પડશે.

તમે પોતાની શક્તિ પ્રમાણે ઇશ્વરના અને પોતાનાં માત પિતાના ગુણ ગાતા જાઓ અને તેમની સેવાભક્તિ કરતા રહો. કારણકે પરમેશ્વરે આપણને જે વખત આપ્યો છે. તે સારા કામ કરવાને માટેજ. માટે તેનો ખોટો ઉપયોગ કોઇ દિવસ કરવો નહીં. તે ઉપર દાખલો—ચંદ્રશેન નામે મલ્લિકાવતી નગરીનો રાજા હતો, તે હમેશાં રાત થઇ એટલે પોતે જે દિવસે સારાં કામ કર્યો હોય; તેનો વિચાર કરે અને જે દિવસે પોતાથી પરોપકાર ન થયો હોય એવું પોતાની નજરમાં આવ્યું તો તે દિવસ ફોકટ ગયો એમ પોતાના હીસાબમાં લખી મૂકે. એની મહા ચતુરાઇની, સારાં આચરણની; તથા ઉદારપણાની મોટી કીર્તિ દેશોદેશ ફેલાએલી હતી તેને માટે હજુ તેનો દાખલો ઘણાલોકો આપે છે. કારણકે તે બધા વખતનો હીસાબ રાખતો હતો, તેણે રાત અને દહાડો મળીને સાઠ ઘડીના ત્રણ ભાગ કર્યા હતા- તે શરીરે ઘણો અશક્ત હતો તો પણ નિદ્રા અને વિશ્રાંમ એ બે કામમાં તે વીશ ઘડી ગુજારતો. બાકી બે ભાગ ચાળીશ ઘડીના રહ્યા તેમાંથી એક ભાગનો વખત લખવું વાંચવું તથા પરમેશ્વરની ભક્તિ કરવાને ધારેલો હતો, અને બાકીનો વખત રાજ્ય કારભારમા ધારેલો હતો, કારણ કે વખત કેવી રીતે કાઢયો તેનો હિસાબ અન્તે પરમેશ્વરને આપવો પડે છે, એવું તે સારી પેઠે જાણતો હતો. એ માટે સઘળા વિદ્યાર્થીએ વિચાર કરીને પોતાનો વખત સારી રીતે ગુજારવો. આ વાતનું તત્વ એછે કે પરમેશ્વરે આપણને જે વખત આપ્યો છે તે નરશાં કામમાં ગુમાવવા નહીં કારણ કે ઘડી ગઇ તે પાછી આવતી નથી. માટે વખતનો સારો ઉપયોગ કરવો જોઇએ.

પાઠ ૩ જો. પરમેશ્વરની ભક્તિ કરવા વિષે.

હે વિદ્યાર્થીઓ, પરમેશ્વર ઉપર પ્રિત રાખવી એ [illegible] છે.

કારણ કે જે ડાહ્યા ને ભક્તિવાન પુરૂષો છે તે બધા કરતાં પરમેશ્વરની ઉપર વધારે હેત રાખે છે. અને પરમેશ્વરે આપણી ઉપર જે ઉપકાર કરયો છે. તેના બદલામાં તેનું સ્મરણ કર્યા વિના રાંત્રાસૂ કે ઉઠતા નથી. તેમજ દિવસને વિશે વારે વારે પરમેશ્વરને સંભાળે છે. એજ પ્રમાણે પરમેશ્વરના ગુણ સાંભળવામાં ગાવામાં અને વાંચવામાં સઘળો વખત તઈયાર રહે છે એ માટે તમારે પરમેશ્વરની આગળ એવી રીતે બિનંતિ કરવી જોઈએ કે હે પરમેશ્વર. તું સર્વે કરતાં મોટો છે અને તું સર્વને સ્તુતિ કરવા લાયક છે. તું અમારા સઘળા અપરાધ માફ કર અને અમારા મનમાં પવિત્ર બુદ્ધિ પેદા કર તેથી કરીને અમે રોજ પવિત્ર થતા જઈએ; તેમજ અમારે જે જે જોઈએ તે આપતો જા, હે પરમેશ્વર તારી જે જે આજ્ઞાઓ છે તે પ્રમાણે અમારે ચાલવું જોઇએ. તારી આજ્ઞા એવી છે કે ચોરી પાપ વીગેરે દુર્ગુણો આચરવા નહિ. કોઇની પાસેથી લાંચલેવી નહિ, જૂઠું નહી, બોલવું કોઇ-પણ બાબતમાં ખોટી શાક્ષી પુરવી નહિ. બીજા કોઇ માણસને હરેક બાબતમાં ખોટી સલાહ આપવી નહિ. લોકોએ અથવા આપણા ભાઇ ભાંડુએ આપણું ભુંડું કર્યું હોય તો આપણે તેમનુ ભોડું ઇચ્છવુ નહિ એવી પરમેશ્વરની આજ્ઞા છે. માટે જો તમે પણ તે પ્રમાણે ચાલશો તો તમે ઘણા સુખી થશો અને જો હુકમ પ્રમાણે નહિ ચાલો તો પરમે-શ્વર રીશે ભરાઇને તમને સજા કરશે. એ તમોને તથા તમારા ભાઇ ભાંડુને સજા કરવાને તમારી ઉપર સખતાઇ વાપરવાને તથા તમને હરેક પ્રકારે પીડા કરવાને સમર્થ છે. એ પ્રમાણે તમને સુખ તથા દુઃખ આ . ાને તમારો મુખત્યાર છે. જો તમે પવિત્ર થવાને અને પરમેશ્વરનો હુકમ કબુલ કરવાને માટે તેની પ્રાર્થના કરશો, તો તે તમારી ઉપર ઉપકાર કરશે, આશિર્વાદ દેશે અને તમારા મંનમાં સતોષ પેદા

કરશે, તેમજ તમારા મરણ વખતે શરીરમાંથી પ્રાણ નિકળી ગયા બાદ તમોને મોક્ષ આપશે. ત્યાં તમે રહીને સદાકાળ પરમેશ્વરની ભક્તિ કરશો તેણે કરીને ઘણું સુખ ભોગવીને સઘળો વખત આનંદમાં ને નિર્ભય પણે ગુજારશો. માટે પરમેશ્વરની ભક્તિ કરવાને દરેક માણસે ચૂકવું નહિ. એના ભજન વડે મન નિર્મળ રહે છે પાપ કર્મથી વેગળાં રહેવાય છે સારી બુદ્ધિ સુઝે છે ને ઇશ્વર આપણું સારૂં કરે છે માટે હમેશાં પરમેશ્વરની ભક્તિ કરવાને નિયમ બાંધવો જોઇએ, અને હરેક કર્મ કરતા પહેલાં તેને યાદ કરવો કે આપણું કામ નિર્વિઘ્ને પાર પાડે.

પાઠ ૬ ઠો સઘળા માણસો ઉપર દયા રાખવા વિષે.

હે બાળકો, સર્વ માણસો ઉપર દયા રાખવાથી. આપણા ઉપર પરમેશ્વર રાજી રહે છે. જે માણસ પાપી અને જેનામાં બીલકુલ દયા નથી તેવા માણસ ઉપર પરમેશ્વર રીસે ભરાઇને ઘણી સજા કરે છે માટે સર્વ માણસે દયા રાખીને પારકાનુ ભલું ઇચ્છવુ જોઇએ. જો એમ ન કરીએ તો આપણે ભલા અને સારા માબાપના છોકરા કેમ કહેવાઇએ ? માટે સર્વે માણસે દયા રાખવી જોઇએ. પરમેશ્વરની આજ્ઞા એવી છે કે પોતાના પૈસા ખરચતાં જો પારકાનુ ભલું થતું હોય તો તે કરવું. કદિ પૈસા નહી હોય તો દયા રાખવામાં કાંઈ પૈસાની જરૂર નથી, માટે દયાળુ થવું જોઇએ. કહ્યું છે કે

" દયા ધર્મકા મૂલ હે પાપ મૂલ અભિમાન "

" તુલશી દયાન છોડીએ જબ લગ ઘટમાં પ્રાણ "

માટે અવશ્ય તેમ કરવાને ચૂકવું નહિ એ વિરે દાખલો.

કોઇ એક માણસ ભગાપુર શેહેરમાંથી નિકળીને ચંદ્રપુર નામે રાજધાનીના શેહેરમાં જતો હતો. ત્યાં જતાં રસ્તામાં એને ચોર મળ્યા તેમણે એને તરવાર મારીને ઘાયલ કરી એનો તમામ સર સામાન વગેરે લુગડાં લત્તાં લઇ લીધાં. પેલો માણસ જીવતો હતો પણ બેશુદ્ધ થઇને ત્યાં આગળ પડયો હતો. ત્યાં આગળ ઘણા વટે માર્ગુ માણસો આવ્યા પણ તેમણે તેનો કાંઇ ભાવ પૂછયો નહિ એવી રીતે ઘણા દયા વગરના માણસો ત્યાં થઇને આવજા કરતા હતા; પણ કોઇ તેની ખબર પુછતું ન હોતુ. પછી છેવટ એક મોટો નગર શેઠ તે રસ્તે થઇને જતો હતો તે મહા દયાળુ ચતુર અને સદ્દગુણી પુરૂષ હતો. તેણે વિચાર્યું જે આ કોઇ અહીંયા ઘાયલ થએલો પડયો છે. લાવ હું એની ખબર તો જોઉં, એમ કહીને તે તેની પાસે ગયો અને કહ્યું કે, અરે અરે, કોઇ ચંડાળે એને એવો ઘાયલ કર્યો છે કે એના સર્વ શરીરમાથી લોહી નિકળે છે, એમ કહીને તે ઘાયલ થએલા માણસને મલમની પટ્ટી મારી ગાડીમાં બેસાડી એક ધર્મશાળા હતી ત્યાં લાવીને મૂકયો, અને તેની ઘણી રીતે બરદાશ કરી તેનો બચાવ કર્યો ત્યાર પછી બીજે દિવસે તે દયાળુ માણસે તે ધર્મશાળાના ઉપરીને બોલાવી બે મોહોરો આપીને કહ્યુ કે એની સારી પેઠે ચાકરી કરજો, અને એને કોઇ વાતે દુઃખ પડવા દેશો નહિ. મે જે તમને ખરચ આપ્યું છે તેથી વત્તો ખરચ લાગે તોપણ કરજો તે ખર્ચ હું તમને આપીશ પણ સારો થાય ત્યાં સુધી તેની બરદાશ કરજો. એમ બોલીને તે ગયો જુઓ તે શેઠને ધન્ય છેકે પારકાને માટે પૈસા ખરાબ કરીને તેનું ભલું કર્યું. કદિ કોઇ એમ કહેશે, કે મારી પાસે એટલા પૈસા નથી તો પણ તેના ઉપર દયા રાખીને જાતી મેહેનત વડે જેટલું બને એટલું કરતા ચૂકવું નહિ. આ વાત ઉપરથી સાર એ લેવાનો છેકે બીજાનું દુઃખ જોઇને તેની ઉપર આપણાથી થાય તેટલો ઉપકાર કરવો, એટલે પરમેશ્વર આપણને

દુઃખની વખતે મદદ કર્યા વગર રહેતો નથી માટે દયા રાખી પરોપકાર કરવા કદિ પણ ચૂકવુ નહિ.

પાઠ ૭ મો. માબાપની સેવા કરવા વિષે.

હે બાળકો, પરમેશ્વરની આજ્ઞા છે કે માબાપ જે કરવાનું કહે તે મન દઈને કરતા જાઓ, તથા મોટા લોકોની શોબત કરીને તેમની રીત પ્રમાણે ચાલો અને માબાપની આબરૂમાં વધારો કરો. પોતાના માબાપની શેવા કરવી એ સર્વે બાળકોનો ધર્મ છે કારણકે માબાપ એવી આશા રાખે છે કે, આપણે પેટે છોકરાં થયા છે તે હવે મોટા થશે. આગળ જતાં ડાહ્યા નિવડશે, ભણશે, ગણશે અને આબરૂ મેળવશે એટલે આપણી પણ આબરૂ વધશે અને ઘડપણના દુઃખ વખતે તેઓ આપણી બરદાશ રાખી આપણને સુખી કરશે માટે મારાં બાળકોનું સદા ભલું થાઓ એવુ તે ખરા મનથી ઇશ્વર પાસે માગ છે. જે છોકરાં પોતાના માબાપના કહ્યા પ્રમાણે ચાલતાં નથી તે કેવળ માબાપને દુઃખ દેવા માટે અને પૃથ્વી ભારે મારવાને જન્મ્યા હોય એમ જાણવુ. એવી રીતનાં છોકરા જન્મે તે વખતથીજ મરે અથવા જન્મ ન ધરે તો ઘણું સારૂં થાય. જે છોકરાં મૂર્ખ થાય છે તેનો જન્મ કાંઇ પણ કામનો નથી કારણકે એવાં છોકરાંથી માબાપને કાંઈ સુખ મળતુ નથી અને ઉલટું સદા કાળ દુઃખ થાય છે એ માટે છોકરાએ રાત દિવસ પોતાનાં માબાપની સેવા કરવી. તેઓની આજ્ઞામાં રહેવું અને તેમને સનમાન આપવા ચૂકવું નહિ. જે છોકરાં પોતાના માબાપના કહ્યા પ્રમાણે ચાલે છે તે છોકરા આગળ જતાં ઘણાં સુખી થાય છે કેમકે માબાપ જે કહે છે તે છોકરાનું ભલું થાય તેવુંજ કહે છે. માટે માબાપના કહ્યામાં રહેવું એ સપુત છોકરાઓનો

ધર્મ છે શ્રવણ નામે એક ઋષિપુત્ર હતા તેણે પોતાનાં માબાપ આંધ-ળાં હોવાથી કાવડમાં બેસાડીને ચારે ધામની જાત્રા કરાવી. આવું કષ્ટ ન વેઠવાને તેમના માબાપે ના કહ્યું ત્યારે તેણે કહ્યુ કે:—

ઈંદ્ર વિજય છંદ.

" ધ્રુવ અચળ ધરણીજ ટળે, કદિ સૂર્ય ઉગે જઈ પશ્ચિમ પામે "
" મેરૂ ડગે ધરતી પરથી, કદિ સાગરથી મરિયાદ મુકાશે '
" આધિ અને વળી વ્યાધિ તણીજ, ઉપાધિ વધી ભલે પ્રાણજ જાશે "
" તો પણ માત પિતા ન ચૂકું, મુજ વ્રત અનારૂં હશે ત્યમ થાશે "

આવી રીતે કહી તેણે પોતાનાં માતપિતાને તિર્થ જાત્રા કરાવી. ભલે પુત્ર જન્મો તો એવાજ જન્મ જો.

દોહરા

જનની જણતો ભક્ત જણ કાં દાતા કાં શૂર
નહિ તો રેહેજે વાંઝણી મત ગુમાવિશ નૂર

મારે હે બાળકો, તમારે તમારા માત પિતાની શેવા કરવાને કદિ પણ ચૂકવું નહિ જુઓ કહ્યું છે કે,

॥ સવૈયા ॥

" માત તણા ઉપકાર બરાબર અન્ય નહિ ઉપકારજ એકે "
" માત તણી મમતાની બરાબર અન્ય તણી મમતા કુણ લેખે "
" માત તણા ઉપકારની કિંમત રાજ તણી રિધથી અધકી છે "
" માત તણી મમતા તણી કિંમતથી અધથી અધથી અધથી છે "

" પૂતન સેવત માત પિતા પદ પૂત કપૂતે જન્મ ધર્યો કાં ? "
" પૂતન સેવત માત પિતા પદ પૂત કપૂત જીવ્યો જન્મીકાં ? "
" પૂત જો માત પિતા ન ભજ્યો તવ પૂતન પથ્થર પેટ પડયોકાં ? "
" પૂત ન સેવત માત પિતા તવ ફોકટ ભાર વહ્યો જનનીકાં ? "
" માત પિતા પદ તીર્થ તજી તપ તીર્થ કર્યો તો કર્યો ન કર્યો છે "
" માત પિતા ગુણ ધ્યાન તજી જપ ધ્યાન ધર્યો તો ધર્યો ન ધર્યોછે "
" જન્મ ધરી પિતુ માત તજ્યાં તવ જન્મ ધર્યો તે ધર્યો ન ધર્યોછે "
" પુત્ર થઈ પિતુ માત પિડે તવ નર્ક નિવાસી ઠર્યોનેજ ઠર્યો છે "

માટે હે બાળકો, તમે તમારા માબાપની સેવા અવશ્ય કરો અને તેમની કરેલી આજ્ઞાઓ ઝટ પાળો ફકત તેઓ તમને જૂઠુ બોલવાની ચોરી કરવાનીકે એવીજ કોઇ ખોટી આજ્ઞા કરે તો તે તમે પાળશો નહિ. તેવે વખતે તેમના મનનુ સમાધાન કરી મધુર વચનથી તેમની કરેલી આજ્ઞા પાળવા લાયક નથી એમ તેમના મનમાં ઠસાવી તેવી આજ્ઞા તેમની પાસેજ પાછી ખેંચાવી લો તે વગરની સઘળી આજ્ઞાઓ પાળો.

કર્તાના છેલ્લો બોલ—પ્રિય બાળકો, અગળ ઉપરનો નવો જમાનો સુધરવો એ તમારા ઉપર આધાર રાખે છે માટે હાલથીજ તમે સુનીતિવાન થાઓ એમ ધારી આ લઘુ પોથી તમારે માટેજ પ્રયાસ કરી બાહાર પાડી છે જો આ પોથી તમને ગમશે તો વળી એવીજ બીજી પોથી તમને સુબોધ કરવા બાહાર પાડીશ. હાલ તો એટલુ જ

અસ્તુ — અસ્તુ — અસ્તુ

सूचना.

અમારી દુકાનેથી તથા નીચે લખેલા ઠેકાણા માંથી આ ચોપડી તથા માસ્તર. માહાશંકર લલ્લુભાઈ, ભટ્ટની બનાવેલી નિચે લખેલી શાળોપયોગી ચોપડીઓ મળી શકશે. નોટ પેડપત્ર લેવામા આવશે નહિ.

ચોપડીનું નામ.	કીમત.
૧ હિંદુસ્તાનની ભૂગોળનું સામાન્ય જ્ઞાન.	૦-૧-૦
૨ ઘાત સંગ્રહ (કોષ્ટક સહિત) (બીજી આવૃતિ)	૦-૧૦
૩ ગુ૦નો સરળ ઇતિહાસ (પુષ્કળ સુધારાવધારા સાથે શિક્ષણ શાસ્ત્રને અનુસરતો)	૦-૧-૩
૪ વિદ્યા દેવિનું મહત્વ (દરેક માણસને ભણવાની જરૂર વિષે)	૦-૬-૦
૫ લેખકળા જ્ઞાન લેખાવળી (સંબંધી સંપૂર્ણ પુસ્તક)	

મળવાનાં ઠેકાણાં

સાવલી—અમારી પાસેથી તથા બનાવનાર પાસેથી.

ડાકોર-બુ-ત્રીભોવન સ્વ[illegible] પાસેથી.

વડોદરા પાદરા તમામ બુકશેલરો પાસેથી — પુ૦ મો૦ શી૦, મું૦ ગો૦ તબોળી, બુ૦ મ૦ જ૦ ભારસાર, મુ૦ સાવલી૦

દોહરો.

આ લઘુ પુસ્તક વાંચજો, હૈયે રાખી હામ:
ઉપયોગી એછે ઘણું; સરશે તેથી કામ.